RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 276, Dt.8-2-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ કમળ સોળે કળાએ ખીલ્યું

## આમ આદમી પાર્ટીનો શીશ મહેલ ધરાશાયીઃ 'આપ'ના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયા ચૂંટણીની જંગ હાર્યાઃ કુલ ૪૭ બેઠકો પર ભાજપ જીત તરફઃ કોંગ્રેસનો સફાયોઃ 'આપ' ફકત ૨૦ બેઠકો પર આગળ





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે જીત જોવા મળી છે. આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. AAPના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ, તો જંગપુરામાંથી મનિષ સિસોદિયા ચૂંટણીની જંગ હાર્યા છે. કોંગ્રેસ આ વખતે પણ ખાતું ખોલાવી શકી નથી. દિલ્હીમાં ૧૯૯૩ બાદ પ્રથમ વખત ભાજપ જીતી છે. અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી દિલ્હીમાં શાસન કરી રહ્યા હતા.

દિલ્હી ચૂંટણીના પરિણામો પર કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પ્રતિક્રિયા આપી છે કે, તે સ્પષ્ટ હતું કે, દિલ્હીના લોકો બદલાવ ઈચ્છે છે. અને પરિણામ તેનો પુરાવો આપે છે. જીતનારા તમામને શુભેચ્છાઓ, અમારે હજી ગ્રાઉન્ડ લેવલે કામ કરવાની જરૂર છે. આના પરથી અમે બોધ લઈશું અને આગળ વધીશું.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં રિથિલાથી ભાજપના કુલવંત રાણા ૨૯૩૫૯ મતો, મંગોલ પુરીથી ભાજપના રાજકુમાર ચૌહાણ ૬૧૪૬, શકુર બસ્તીથી ભાજપના કરનલસિંહ ૨૦૯૯૮ મતોના માર્જિનથી જીત્યા છે. સંગમ વિહારમાં પણ ભાજપના ચંદનકુમાર ચૌધરી અને વિશ્વાસનગરથી ઓમ પ્રકાશ વર્માએ જીત હાંસલ કરી છે.

AAPના અન્ય એક દિગ્ગજ નેતા સત્યેન્દ્ર જૈન શકૂર બસ્તી બેઠક પરથી હાર્યા છે. રાજેન્દ્ર નગરથી AAP ના નેતા દુર્ગેશ પાઠકે પણ હારનો સામનો કરવો પડ્યો છે.

દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભારે રસાકસી બાદ અંતે જીત મેળવી છે. કાલકાજી બેઠક પરથી રમેશ બિધૂડીને હરાવ્યા છે. આપ ની કારમી હારમાં દિગ્ગજ નેતાઓ અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયા હાર્યા છે. પરંતુ આતિશીએ જીત હાંસલ કરી પાર્ટીની લાજ રાખી છે. બિધૂડીને ચૂંટણી પ્રચાર દરમિયાન આતિશી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા પ્રિયંકા ગાંધી વિશે અપમાનજનક ટીપ્પણીઓ ભારે પડી.

દિલ્હી કેન્ટ બેઠક પરથી AAPના ઉમેદવાર વિરેન્દ્રસિંહ ૨૦૨૯ મતથી જીત્યા છે. જ્યારે રાજૌરી ગાર્ડનમાંથી ભાજપ ઉમેદવાર મનજિંદરસિંહ સિરસાએ ૧૮૧૯૦ મતોની બહુમતી સાથે જીત મેળવી છે.

AAP ના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલની ૩૧૮૨ મતોના માર્જિન સાથે હાર થતાં રાજ્યસભા સાંસદ સ્વાતિ માલિવાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, 'અહંકાર તો રાવણનો પણ નહોતો રહ્યો.'દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપે જંગપુરા, ત્રિનગર અને કસ્તૂરબા નગર બાદ શાલીમાર બાગ બેઠકમાં પણ જીત હાંસલ કરી છે. શાલીમાર બાગ બેઠક પરથી ભાજપ ઉમેદવાર રેખા ગુપ્તા ૨૯૩૫૨ મતોના માર્જિન સાથે જીત્યા છે. તેમણે આપના બંદના કુમારીને કારમી હાર આપી છે.

જંગપુરાની મતગણતરી પૂર્ણ થઈ છે. જેમાં આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા મનિષ સિસોદિયા ૬૦૦ મતોથી હાર્યા છે. ભાજપના તરવિંદર સિંહની જીત થઈ છે. જંગપુરા વિધાનસભા બેઠક પર હાર બાદ આપ નેતા મનિષ સિસોદિયાએ નિવેદન આપ્યું છે કે, અમારા તમામ કાર્યકરોએ મહેનતથી ચૂંટણી લડી હતી. જંગપુરાના લોકોએ મને ખૂબ પ્રેમ આપ્યો, પરંતુ ૬૦૦ મતોના માર્જિનથી હું હારી ગયો. ભાજપના ઉમેદવારને શુભેચ્છાઓ પાઠવું છું. અને અપેક્ષા છે કે, તે પ્રજાની સેવા કરશે. અમારીથી ક્યાં ભૂલ થઈ તેનું અમે વિશ્લેષણ કરીશું.કોંગ્રેસના નવી દિલ્હી વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર સંદિપ દિક્ષિતે પોતાની હાર સ્વીકારતાં કહ્યું કે, 'હાલ ભાજપની સરકાર બની રહી હોય તેવુ લાગી રહ્યું છે. છ-સાત રાઉન્ડ બાદ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આ પ્રજાનો નિર્ણય છે, હું માત્ર એટલું જ કહેવા માગીશ કે, અમે જે મુદ્દાઓ ઉઠાવ્યા હતા, તે ચૂંટણી આધારિત હતા. અંતે જનતા જે કહેશે તે સ્વીકાર્ય છે.'

દિલ્હી વિધાનસભા ચૂંટણીની કસ્તૂરબા નગર બેઠક પરથી ભાજપના નીરજ બસોયાએ જીત હાંસલ કરી છે. ભાજપ અત્યારસુધી ૪૫ બેઠકો પર લીડ કરી રહ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટી ૨૫ બેઠકો પર આગળ ચાલી રહી છે.

દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોના વલણોમાં ભાજપનો દિલ્હીમાં ૨૭ વર્ષ જૂનો વનવાસ પૂરો થયો છે. ભાજપે પોતાની બહુમતી સાથે જીત નિશ્ચિત થતાં જ સોશિયલ મીડિયા પર જીતનું પોસ્ટર રજૂ કર્યું છે. જેમાં ઈન્ડિયા ગેટ પર કમળ ખીલતું જોવા મળ્યું છે.

## દિલ્હીમાં આપના દિગજજો હાર્યા

પૂર્વ મુખ્યમંત્રી અને અઅડ કન્વીનર અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભામાંથી ચૂંટણી હારી ગયા સાથે સાથે પૂર્વ ઉપ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા અને અવધઓઝા ને પણ હારનો સામનો કરવો પડ્યો છે

દિલ્હીની જંગપુરા બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર મનિષ સિસોદીયા ૬૦૦ મતથી હારી ગયા છે. આ બેઠક પરથી ભાજપના તરવિંદર સિંહ મારવાહ વિજય થયા. જંગપુરાની બેઠક ઉપરથી મનીષ સિસોદિયા ભાજપના તરવિંદરસિંઘ મારવાહ સામે ૬૦૦ મતે હારી ગયા છે. આ લખાય છે ત્યારે ૧૨.૩૫ કલાકે ભાજપને ૪૮ અને આપને ૨૨ બેઠકો મળી રહી છે જ્યારે ચૂંટણી પંચના કહેવા મુજબ ભાજપ ૪૫ બેઠક ઉપર અને આપ ૨૫ બેઠક ઉપર આગળ છે.

## દિલ્હીમાં ભાજપમાં મુખ્યમંત્રી પદની રેસ શરૂ: મહિલાને ભાજપ સીએમ પદે બેસાડશે ?

### પૂર્વ મુખ્યમંત્રી સુષ્મા સ્વરાજના પુત્રી બાંસુરી સ્વરાજનું નામ સૌથી આગળ : ચૂંટણી જીતે તો પરવેશ વર્મા પણ દાવો

પાટનગર દિલ્હીમાં ભાજપનું શાસન નિશ્ચિત થતા જ હવે મુખ્યમંત્રી કોણ તે દોટ શરૂ થઇ ગઇ છે. ભાજપે ચહેરો જાહેર કર્યા વગર ચૂંટણી લડી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ ભાજપના ચહેરા રહ્યા છે અને દરેક રાજયની જેમ દિલ્હીમાં સસ્પેન્સ જાળવી રાખ્યું હતું. ભાજપે તાજેતરમાં કોઇ મહિલાને મુખ્યમંત્રી બનાવ્યા નથી તેથી



પ્રથમ વખત ભાજપના અનેક મહિલાઓ પણ આ રેસમાં છે. એક વખત દિલ્હીમાં સુષ્મા સ્વરાજ મુખ્યમંત્રી હતી પણ તેમના પુત્રી અને નવી દિલ્હીના સાંસદ બાંસુરી સ્વરાજનું નામ ચર્ચામાં છે. તેઓ પ્રથમ વખત સાંસદ બન્યા છે. પણ સ્વરાજ કુટુંબ સાથે તેઓ લાંબા સમયથી રાજકારણમાં છે અને કાનુની નિષ્ણાંત પણ છે. આ ઉપરાંત પૂર્વ સાંસદ મિનાશ્રી લેખીને મુખ્યમંત્રી બનાવી શકાય છે તેઓ અને બાંસુરી સ્વરાજ ચૂંટણી લડયા નથી અને તેથી તેમને પેટા ચૂંટણી લડવી પડે તો અન્ય નામમાં પરવેશસાહીબ વર્મા જેઓ પૂર્વ મુખ્યમંત્રી સાહેબસિંહ વર્માના પુત્ર છે.''

તેમનું નામ ચર્ચામાં છે. ઉતર ભારતનું પ્રતિનિધિત્વ કરતા મનોજ તિવારી ઉપરાંત ભાજપ એક તબકકે સ્મૃતિ ઇરાનીકે જે લોકસભા ચૂંટણી હારી ગયા છે તેમને ફરી રાષ્ટ્રીય રાજકારણમાં લાવી શકે છે. જોકે જે રીતે હરિયાણા સહિતના રાજયોમાં ભાજપે આશ્ચર્ય સર્જર્યુ છે તેથી હવે નવા મુખ્યમંત્રી કોણ તે સસ્પેન્સ પક્ષ આગામી બે કે ત્રણ દિવસમાં ખુલ્લુ કરશે.

## સમાપન પહેલા જ કુંભમેળામાં ૪૨ કરોડથી વધુ આસ્થાળુઓએ ડૂબકી લગાવી

### મહાકુંભના હજુ ૧૮ દિવસ બાકી છે ત્યારે સંગમમાં શ્રધ્ધાળુઓની ડૂબકી લગાવનારાઓની સંખ્યા ૫૦ કરોડને પાર પહોંચી જશે

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

મહાકુંભમાં અત્યાર સુધીમાં ૪૦ કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ આસ્થાની ડુબકી લગાવી લીધી છે. હજુ મહાકુંભ પૂરો થવાને ૧૯ દિવસ બાકી છે. મહાકુંભ પૂરો થાય ત્યાં સુધીમાં ડુબકી લગાવનારાઓનો આંકડો ૫૦ કરોડને પાર કરી જવાની સંભાવના છે.

ગઈકાલે શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪૨.૭ કરોડ લોકો ત્રિવેણી સંગમમાં આસ્થાની ડુબકી લગાવી ચૂક્યા હતા. પ્રયાગરાજમાં ત્રણેય અમૃત સ્નાન પર્વ-મકર સંક્રાંતિ, મૌની અમાસ અને વસંત પંચમી બાદ પછી પણ શ્રધ્ધાળુઓ અને સ્નાનાર્થીઓના જોશ અને ઉત્સાહમાં કોઈ કમી નથી આવી. દરરોજ લાખો લોકો દેશ-વિદેશથી તીર્થરાજ પહોંચી રહ્યા છે.



વસંત પંચમીના અંતિમ અમૃત સ્નાન પર્વ પછી પણ કરોડો શ્રધ્ધાળુઓ સંગમમાં સ્નાન માટે પહોંચી રહ્યા છે. સ્નાનાર્થીઓમાં ૧૦ લાખ કલ્પવાસીઓની સાથે સાથે દેશ વિદેશથી આવેલા સાધુ સંતો શ્રધ્ધાળુઓ સામેલ હતા.

## ધરપકડના મામલે સુપ્રીમ કોર્ટનો મહત્વનો ફેસલો

### આરોપીને ધરપકડનું કારણ બતાવવું પડશે, નહીં તો છોડી દેવો પડશે : સુપ્રિમ કોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે ધરપકડને લઈને મહત્વનો ફેંસલો આપ્યો છે.કોર્ટે જણાવ્યું છે કે જો ધરપકડ વખતે આરોપીને કારણ ન બતાવવામાં આવે અને બંધારણીય જોગવાઈનો ભંગ કરવામાં આવે તો આ કાર્યવાહી ગેરકાયદે માનવામાં આવશે. સાથે સાથે આરોપીને જામીન કે પછી મુકિત આપી શકાય છે.

સુપ્રિમ કોર્ટના જજ એ.એસ.ઓકાની આગેવાની બેન્ચે શુક્રવારે કહ્યું હતું કે બંધારણની ધારા



૨૨ (૧) અંતર્ગત ધરપકડ કરાયેલ વ્યકિતને ધરપકડના કારણોની સ્પષ્ટ જાણકારી આપવી અનિવાર્ય છે.

જો આમ ન થઈ શકે તો આરોપીને તરત છોડી દેવામાં આવી શકાય છે. ભલે અન્ય કાનુની જોગવાઈ જામીનથી રોકતા હોય. ધરપકડ થયેલી વ્યકિત ધારા ૨૨ (૧) ના ભંગની ફરિયાદ કરે છે તો તપાસ એજન્સી પર એ જવાબદારી રહેશે કે તે એ સાબિત કરે કે કાયદાની પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યુ છે.

કોર્ટે તેના ફેસલામાં એમ પણ કહ્યું કે સીઆરપીસીની ધારા ૫૦ અંતર્ગત ધરપકડ થયેલ વ્યકિતના મિત્રો, સબંધીઓ કે નોમિનેટેડ વ્યકિતઓને ધરપકડના સ્થળની સૂચના આપવી પણ અનિવાર્ય છે.આ જોગવાઈ એ નિશ્ચિત કરવા માટે છે કે ધરપકડ થયેલી વ્યકિત કાનુની મદદ લઈ શકે અને તેને લાપતા થવાથી બચાવી શકાય.

સુપ્રિમ કોર્ટે આ ફેસલો વિહાનકુમાર દ્વારા દાખલ અપીલ પર સંભળાવ્યો હતો. તેણે પંજાબ તેમજ હરિયાણા હાઈકોર્ટનાં ફેસલાને પડકાર્યો હતો તેના પર છેતરપીંડીનો આરોપ હતો કોર્ટે જાણ્યું કે ધરપકડના કારણની માહિતી તેને નહોતી આપવામાં આવેલી જેના કારણે હાઈકોર્ટનો ફેસલો રદ કરાયો હતો અને આરોપીને તાત્કાલીક છોડી દેવાનો આદેશ અપાયો છે.

## સુરતમાં ગમખ્વાર અકસ્માતમાં બે સગા ભાઈનાં મોત, ચાર ઈજાગ્રસ્ત

### બેફામ આવતી કારે ડિવાઈડર કૂદી એક બાદ એક પાંચ વાહનને અડફેટે લઈ છને ઉડાવ્યાં

**મુખ્ય સમાચાર, સુરત**

સુરતના આઉટર રિંગ રોડના વાલક બ્રિજ ઉપર ૭ ફેબ્રુઆરીની મોડીરાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવતા કારચાલકે કાર ડિવાઈડર કુદાવીને સામેના રોડ પર પહોંચ્યા બાદ એક પછી એક પાંચ વાહનને હડફેટે લઈ છ વ્યક્તિને ઉડાવી હતી. આ ઘટનામાં છ ઈજાગ્રસ્તમાંથી એકનું ઘટનાસ્થળે, જ્યારે એકનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ગંભીર રીતે ઘવાયેલી ચાર વ્યક્તિની સારવાર ચાલી રહી છે. બન્ને મૃતકો સગા ભાઈ છે અને મૂળ ગીર સોમનાથના વતની છે.

મળતી માહિતી પ્રમાણે, અકસ્માત સર્જનાર કારનો માલિક મનોજકુમાર કાળુભાઈ ડાંખરા છે અને તેનો પુત્ર કિર્તન ડાંખરા કાર ચલાવતો હતો. મૃતકના પરિજનના જણાવ્યાં મુજબ, કારમાં એક યુવતી અને ત્રણ યુવકો સવાર હતાં. કારની સ્પીડ ૧૩૦થી ૧૫૦ હતી અને કારમાં સવાર તમામે ડ્રિંક કરેલું હતું.

મળતી મુજબ, સુરતના આઉટર રિંગરોડ પર લસકાણા વાલક અબ્રામા બ્રિજ ઉપર મોડીરાત્રે પૂરપાટ ઝડપે દોડતી કાર નં. જીજે-૦૫-આરએફ-૦૩૧૭ના ચાલકે સ્ટીયરિંગ પર કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કૂદીને રોડની સામેની સાઈડ પહોંચી ગઈ હતી. કારચાલકે સામેથી આવતા એક પછી એક કુલ પાંચ વાહનોને ઉડાવી છ વ્યક્તિને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તે પૈકી બે સગા ભાઈ કમલેશ બાલુભાઈ સાપોલિયા (ઉં.વ.૪૨) અને અશ્વિનભાઈ બાલુભાઇ સાપોલિયા (ઉં.વ.૪૮)નું સારવાર મળે તે પહેલાં મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્તની હાલત ગંભીર હોવાથી તેમની સારવાર ચાલી રહી છે.



અકસ્માતમાં કારનો આગળના ભાગનો ખુરદો વળી ગયો હતો. આ સાથે જ અડફેટે આવેલા વાહનોનો પણ કડુચલો બોલી ગયો હતો. બનાવની જાણ થતા લસકાણા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. બનાવને પગલે લોકો પણ એકત્ર થઈ ગયા હતા. અકસ્માત સમયે કારમાં ચાર જેટલા યુવાનો સવાર હતા. તે પૈકી પાછળ બેસેલા એક યુવાનને લોકોએ પકડીને પોલીસને હવાલે કર્યો હતો, જ્યારે ચાલક અને અન્ય યુવકો ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી પ્રમાણે, અકસ્માત સર્જનાર કારનો માલિક મનોજ ડાખરા છે અને તેનો પુત્ર કિર્તન ડાખરા કાર ચલાવતો હતો.

ઘટનાસ્થળે પહેલા પહોંચનાર મગનભાઈ સૂતરિયાએ જણાવ્યુ હતુ કે, અમને ફોન આવ્યો હતો કે તમારા પરિવારજનોનું એક્સિડન્ટ થયું છે. હું બ્રિજ પર પહોંચ્યો ત્યારે એમને પોલીસવાળા જવા દેતા ન હતા. તમામ લોકોને ત્યાં અટકાવી દેવામાં આવ્યા હતા.

## બાંગ્લાદેશમાં ૨૩ હિન્દુઓના મોત થયા અને ૧૫૨ મંદિરો પર હુમલો કરાયો

### સરકારે બાંગ્લાદેશમાં બિન-મુસ્લિમો પરના અત્યાચારની માહિતી આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારે શુક્રવારે જણાવ્યું કે ઓગસ્ટથી અત્યાર સુધી બાંગ્લાદેશમડાં ૨૩ હિન્દુઓના મોત અને હિન્દુઓ પર હુમલાની ૧૫૨ ઘટનાઓ સામે આવી છે. વિદેસ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે લોકસભામાં એક સવાલના લેખિત જવાબમાં તે પણ કહ્યું કે છેલ્લા બે મહિના (૨૬ નવેમ્બર ૨૦૨૪થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી) દરમિયાન બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હુમલાની ૭૬ ઘટનાઓ સામે આવી છે.

તેના જવાબમાં તેમણે કહ્યું કે ઓગસ્ટથી અત્યાર સુધીમાં બાંગ્લાદેશમાં હિન્દુઓના મંદિરો પર હુમલાની ૨૩ ઘટનાઓ અને ૧૫૨ હિન્દુઓના મોત થયા છે. મંત્રીએ કહ્યુ કે ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓની નોંધ લીધી છે અને બાંગ્લાદેશ સરકાર સાથે તેની ચિંતાઓ શેર કરી છે.

સિંહે કહ્યુ કે કેન્દ્રએ બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય અલ્પસંખ્યકો વિરુદ્ધ હિંસાની ઘટનાઓ પર ધ્યાન આપ્યું છે અને બાંગ્લાદેશ સરકારની સાથે પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે. સિંહે કહ્યુ- વિદેશ સચિવની ૯ ડિસેમ્બર ૨૦૨૪ની બાંગ્લાદેશ યાત્રા દરમિયાન હિન્દુઓ અને અલ્પસંખ્યકોની સુરક્ષા વિશે ભારતની અપેક્ષાઓ જણાવવામાં આવી હતી. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ના બાંગ્લાદેશ સરકારે એક પ્રેસ વાર્તામાં જાહેર કર્યું હતું કે બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકો વિરુદ્ધ હુમલાથી સંબંધિત ૮૮ મામલામાં ૭૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસ બાદ ૧૨૫૪ ઘટનાઓની પુષ્ટિ થઈ હતી.



મંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે લઘુમતીઓ સહિત બાંગ્લાદેશના તમામ નાગરિકોના જીવન અને સ્વતંત્રતાના રક્ષણની પ્રાથમિક જવાબદારી બાંગ્લાદેશ સરકારની છે. ઢાકામાં ભારતીય હાઈ કમિશન લઘુમતીઓને લગતી પરિસ્થિતિ પર નજીકથી દેખરેખ રાખવાનું ચાલુ રાખે છે. ગયા ઓગસ્ટમાં નોબેલ પારિતોષિક વિજેતા મોહમ્મદ યુનુસના નેતળત્વમાં બાંગ્લાદેશમાં રખેવાળ સરકારની રચના બાદ તણાવગ્રસ્ત સંબંધોની પળષ્ઠભૂમિ સામે સરહદ પર વિવિધ સ્થળોએ વિવાદો થયા છે. ભારતે બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીઓને નિશાન બનાવવા પર પણ ચિંતા વ્યક્ત કરી છે.

# મોરબી:૨૯ વર્ષથી નાસતા ફરતા લુંટના આરોપીને રવિરાજ ચોકડીથી ઝડપી લેતી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડ ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં લુંટ અને ધાડના જુદા-જુદા બે ગુનાઓમાં છેલ્લા ૨૯ વર્ષથી નાસતા ફરતા મૂળ મધ્યપ્રદેશના વતની આરોપીને મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ખાનગીરાહે મળેલ બાતમીને આધારે મોરબીની રવિરાજ ચોકડી ખાતેથી અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ સતત પ્રયત્નશીલ હતી. આ દરમ્યાન HC જયેશભાઇ વાઘેલા અને ડ્ઈ બ્રિજેશભાઇ કાસુન્દ્રાને ખાનગીરાહે માહિતી મળી કે, મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ ૧૯૯૬ અને ૧૯૯૭ એમ બે જુદા-જુદા ગુનાઓમાં છેલ્લા ૨૯ વર્ષથી નાસતો ફરતો આરોપી ગોરધન ભુરાભાઇ મેડા(મધ્યપ્રદેશ)વાળો હાલમાં મોરબી રવિરાજ ચોકડી વિસ્તારમાં છે. મળેલી ચોક્કસ અને ભરોસાપાત્ર માહિતીના આધારે ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી ગોરધનસીંગ ભુરાભાઇ મેડા ઉવ.૪૭ રહે.રેતાલુંજા ભીમફળીયા, જી. જાંબુઆ, મધ્યપ્રદેશવાળો મળી આવતા તેને પકડી હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

# જામનગરના યુવા પત્રકાર સાગર સંઘાણીનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના યુવા પત્રકાર સાગર સંઘાણીનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨૯મા વર્ષના દ્વારે કદમ માંડ્યા છે. પોતાની આગવી ઓળખ અને એક્સક્લુઝિવ ન્યુઝ થકી સાગરભાઈએ પત્રકારત્વ ક્ષેત્રે મોટી નામના મેળવી લીધી છે. હાલ તેઓ પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક્સ અને સોશ્યિલ મીડિયા ક્ષેત્રે કાબિલેદાદ કામગીરી કરી રહ્યા છે. નાના માણસના અવાજ બની તેઓએ અનેક સમાજને સ્પર્શતા મુદ્દાઓ ઉઠાવી તંત્ર સુધી પહોચાડ્યા છે. આ સિવાય સત્કાર્યમાં પણ તેઓ હંમેશા અગ્રેસર રહે છે. ખાસ કરીને ગૌસેવા માટે હંમેશા તત્પર રહેતા હોય છે. મળતાવડો અને હંમેશા નાના માણસને મદદ કરવાની ખેવના વાળો સ્વભાવ ધરાવતા સાગરભાઇ બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. સાગર ભાઈને તેમના જન્મદિવસ નિમિત્તે મો. ૮૦૦૦૦ ૦૩૩૫૨ નંબર ઉપર શુભેચ્છા નો મીઠો મેંહ વરસી રહ્યો છે.

# પાલિકા ચૂંટણીઃ ૪૧૧૦ કર્મચારીઓ તૈનાતઃ ૪૫૭ પોસ્ટલ બેલેટ ઈસ્યુ

## કલેકટર પ્રભવ જોષીએ જાહેર કરેલ વિગતોઃ પાંચ પાલિકામાં ૭ બેઠકો બિનહરીફ જાહેરઃ કુલ ૧૬૮ બેઠકો ઉપર ૪૬૯ ઉમેદવારો મેદાનમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાની ૫ નગરપાલીકા તથા તાલુકા પંચાયતની ૬ બેઠકોની પેટા ચૂંટણી અંગે કલેકટરશ્રી પ્રભવ જોષીએ મહત્વની વિગતો જાહેર કરી, તેમણે જણાવેલ કે, આગામી તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાનાર છે. જેમાં જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા એમ થઈને કુલ પાંચ નગરપાલિકા તથા ગોંડલ, ઉપલેટા, જેતપુર અને જસદણ થઈને કૂલ ૬ તાલુકા પંચાયતની બેઠકો પર પેટા ચૂંટણીઓ યોજાશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાબતે જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, પાંચ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે, તેમાં જસદણ નગરપાલિકામાં ૧ થી ૭ વોર્ડ માટેની ૨૮ બેઠકો પર ૬૪ ઉમેદવારોએ ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે, જેમાંથી બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેતપુર-નવાગઢ નગરપાલિકામાં ૧ થી ૧૧ વોર્ડ માટેની ૪૪ બેઠકો પર ૧૪૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે.

ધોરાજી નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૧૧૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ભાયાવદર નગરપાલિકામાં ૧ થી ૬ વોર્ડ માટેની ૨૪ બેઠકો પર ૬૮ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ઉપલેટા નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૮૭ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે, જેમાંથી પાંચ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. પાંચ નગરપાલિકાની ચૂંટણીઓમાં ફૂલ ૧૬૮ બેઠકો પર ફૂલ ૪૬૯ ઉમેદવારોએ નામાંકન કર્યું છે. અત્યાર સુધીમાં ફૂલ સાત બેઠકો બિન-હરીફ જાહેર કરાઈ છે.

નગરપાલિકાની ચૂંટણીઓની સાથોસાથ તાલુકા પંચાયતની ફૂલ ૬ બેઠકો ઉપર પેટા ચૂંટણીઓ યોજાનાર



છે. ગોંડલની એક બેઠક, ઉપલેટાની બે બેઠક, જેતપુરની એક બેઠક અને જસદણની બે બેઠક થઈને ફૂલ ૬ બેઠક પર ફૂલ ૧૨ ઉમેદવારોએ નામાંકન કર્યું છે.

નગરપાલિકાઓમાં ચૂંટણી ખર્ચની જોગવાઈ મુજબ, જે નગરપાલિકામાં ૯ કે તેથી ઓછા વોર્ડ હોય ત્યાં ઉમેદવાર દોઢ લાખ ચૂંટણી ખર્ચ પેટે વાપરી શકે. જે નગરપાલિકામાં ૯ કે તેથી વધુ વોર્ડ હોય ત્યાં ઉમેદવાર રૂ. ૨.૫ લાખ ચૂંટણી ખર્ચ પેટે વાપરી શકે છે.નગરપાલિકાની અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાય તે માટે રાજકોટ વહીવટી તંત્રના ૪૧૧૦ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. તમામ કર્મચારીઓને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યા છે. નગરપાલિકા તથા તાલુકા પંચાયત ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ માટે ૨૮૪ પોસ્ટલ બેલેટ ઇસ્યુ કરવામાં આવ્યા છે. સર્વીસ વોટર્સ માટે કૂલ ૧૭૩ પોસ્ટલ બેલેટ ઇસ્યુ કરવામાં આવ્યા છે.

ચૂંટણીની વિવિધ કામગીરી માટે કૂલ ૧૧ નોડલ ઓફિસરોની નિંમણુંક કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે હેલ્પલાઈન તથા ફરીયાદ કરવા માટે ૦૨૮૧-૨૪૭૧૫૭૩ નંબર નક્કી કરવામાં આવ્યો છે. તમામ બુથ ઉપર ચૂંટણી ફરજના સ્ટાફ માટે પીવાનું પાણી, બેડીંગ, ભોજન સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નગરપાલિકા તથા તાલુકા પંચાયતની ચૂંટણીઓ માટે ફૂલ પાંચ સખી મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. ઉપરોક્ત તમામ બેઠકોનું મતદાન આગામી તા. ૧૬/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવશે અને મત ગણતરી તા. ૧૮/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ કલાકથી કરવામાં આવશે. નગરપાલિકા તથા તાલુકા પંચાયત માટે રિસિવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટરો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જે મુજબ ધોરાજી નગરપાલિકા તથા મત ગણતરી કેન્દ્ર નવી ભગતસિંહજી હાઈસ્કૂલ,-ધોરાજી રહેશે. જેતપુર- નવાગઢ નગરપાલિકા સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલ નેશનલ હાઇવે નવાગઢ જેતપુર રહેશે, ઉપલેટા નગરપાલિકા ટાવરવાળી તાલુકા શાળા, ઉપલેટા ભાયાવદર નગરપાલિકા કન્યા વિદ્યાલય ભાયાવદર રહેશે. જસદણ નગરપાલિકા મોડેલ સ્કુલ, જસદણ રહેશે.તમામ મતદાન મથકો ઉપર સંવેદનશીલતાને ધ્યાને લઈને વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# મોરબીઃ પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓ પાસાના પિંજરે પુરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના માળીયા(મી)માં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનાના આરોપી એવા બે સગાભાઈઓ વિરુદ્ધ મોરબી જીલ્લા પોલીસે કરેલ પાસા દરખાસ્ત મંજુર થતા બન્ને આરોપીઓને મોરબી ક્રાઇમ બ્રાંચ ટીમ દ્વારા પાસા એક્ટ હેઠળ ડીટેઇન કરી વડોદરા તથા ભાવનગર જેલ હવાલે કરવામાં આવ્યા છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ મોરબી એલસીબી પીઆઇ એમ.પી.પંડયાએ માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુન્હામાં સંડોવાયેલ બે ઇસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા તેઓ દ્વારા ઉપરોકત ગુનામાં સંડોવાયેલ આરોપી શબ્બીર મહમંદહનીફ ઉર્ફે બાબો જેડા ઉવ-૨૨ તથા ઇર્ષાદ મહમંદહનીફ ઉર્ફે બાબો જેડા ઉવ-૨૦ બન્ને રહે. હાલ રહે.મોરબી રણછોડનગર, મુળ રહે.નવાગામ તા.માળીયા(મી)વાળાના પાસા વોરંટ ઇશ્યુ કરેલ હોય. જે બન્ને ઇસમોને સત્વરે અટકાયત કરવા પીઆઇ એમ.પી.પંડયાના માર્ગદર્શન હેઠળ ઉપરોકત બન્ને આરોપીઓને પાસા એક્ટ તળે ડીટેઇન કરી મધ્યસ્થ જેલ, વડોદરા તથા જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# મોરબી પોક્સો અદાલતનો ચુકાદોઃસગીરાના અપહરણ અને દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની કેદ

## અપહરણ અને વારંવાર દુષ્કર્મ ગુજારનારને કડક સજા, પીડિતાને ૪.૨૫ લાખનું વળતર ચૂકવણીનો પણ આદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગ્રામ્ય પંથકમાંથી ૧૫ વર્ષીય સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર નરાધમ આરોપીને મોરબી સ્પેશિયલ પોક્સો અદાલતે ૨૦ વર્ષની કેદ અને ૨૫ હજારના દંડની સજા ફટકારી છે. ઉપરાંત, ભોગ બનનાર સગીરાને ૪ લાખનું વળતર તેમજ આરોપી ભરેલ દંડની રકમ મળી કુલ ૪.૨૫ લાખની સહાય ચૂકવવા આદેશ કર્યો છે.



મોરબી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૧૯માં એક ગંભીર ગુનો સામે આવ્યો હતો, જેમાં સીરામિક ફેક્ટરીમાં કામ કરતા શ્રમિક પરિવારની સગીર વયની દીકરીનું લગ્નના લાલચમાં અપહરણ કરાયું હતું. આ ઘટનામાં, આરોપી ઘનશ્યામ ઉર્ફે ઘનો કાળુભાઇ ગોગીયા ઉવ.૨૧, રહે.જાલીડા ગામ તા.વાંકાનેરવાળો ભોગ બનનાર સગીરાના પડોશમાં ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં રહેતો હતો સમગ્ર બનાવ મામલે સગીરાના પિતાએ મોરબી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી અને થોડા સમય બાદ તેને પકડી નામદાર કોર્ટ હવાલે કર્યો હતો.

ઉપરોક્ત ગંભીર ગુના અંગેનો કેસ મોરબીની સ્પેશિયલ પોકસો અદાલતમાં ચાલી જતા, જ્યાં સરકારી વકીલ નિરજ કારીયાની દલીલો અને પુરાવાઓના આધારે અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો હતો. અદાલતે આરોપીને પોક્સો કાયદા હેઠળ ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૨૫ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી. સાથે જ, પીડિત સગીરાને રાજ્ય સરકારના કાયદા હેઠળ વળતર માટે ૪ લાખ રૂપિયાની સહાય તેમજ આરોપી પાસેથી વસૂલ કરેલ દંડની રકમ એમ કુલ ૪.૨૫ લાખ પીડિતાને ચૂકવવાનો હુકમ કરતો ચુકાદો આપવામાં આવ્યો છે.

# મોરબીની બાજીરાજ બા કન્યા શાળામાં એનિમિયા મુક્ત ભારત અભિયાન હેઠળ હિમોગ્લોબિન ચેકઅપ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આરોગ્ય જાગૃતિ અને એનિમિયા નિદાન માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. એનિમિયા મુક્ત ભારત અભિયાન અંતર્ગત આઇડીબીઆઈ બેંકના સહયોગથી, રોટરી ક્લબ ઓફ મોરબી અને રોટરી ક્લબ ઓફ મુંબઈ વેસ્ટ કોસ્ટ દ્વારા બાજીરાજ બા કન્યા શાળામાં હિમોગ્લોબિન ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં ૧૦૨ વિદ્યાર્થીનીઓનું હિમોગ્લોબિન લેવલ ચકાસી, જરૂરિયાત મુજબ આયર્ન અને ઝીંકની ટેબલેટ આપવામાં આવી હતી.




એક પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર એનિમિયા મુક્ત ભારત અભિયાન અંતર્ગત આઇડીબીઆઈ બેંકના સહયોગથી રોટરી ક્લબ ઓફ મોરબી તથા રોટરી ક્લબ ઓફ મુંબઈ વેસ્ટ કોસ્ટના સંયુક્ત ઉપક્રમે બાજીરાજ બા કન્યા શાળા ખાતે હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૨ વિદ્યાર્થીનીઓનું હિમોગ્લોબિન લેવલ ચેક કરવામાં આવ્યું હતું અને જરૂરિયાત મુજબ હિમોગ્લોબીન લેવલ વધે તે માટે આયર્ન તથા ઝીંકની ટેબલેટ આપવામાં આવી હતી. આ તકે લેહરૂ લેબોરેટરીના ટેકનીશીયન રમેશભાઈએ સેવા આપી હતી.

આ પ્રોજેકટમાં મોરબી આઇડીબીઆઈ બેંકના મેનેજર રોબિનભાઈ નાગપાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટ રોટરી ક્લબ રાજકોટના રોટે. કેતનભાઇ જોશીના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યો હતો. આ તકે કેમ્પના પ્રોજેક્ટ ચેરમેન તરીકે રોટે.રષેશભાઈ મહેતા ઉપરાંત પ્રેસિડેન્ટ કિશોરસિંહ જાડેજા, બંસી શેઠ, હરીશભાઈ શેઠ, રાજવીરસિંહ સરવૈયા તથા અશોકભાઈ મહેતાએ વિશેષ હાજરી આપી હતી.

# મોરબી મહાનગરપાલિકાના વિકાસ માટે ૮૦ કરોડની ગ્રાન્ટ મંજૂર, મચ્છુ-૨ સિંચાઈ નહેર માટે ૫૫.૮૦ કરોડ ફાળવાયા

## મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજુઆત લાવી રંગઃ મચ્છુ-૨ કેનાલ બોક્સમાં ફેરવાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની સતત રજૂઆતો અને પ્રયાસો બાદ રાજ્ય સરકારે મચ્છુ-૨ સિંચાઈ યોજનાની મુખ્ય કેનાલ, જે લીલાપર ચોકડીથી કંડલા બાયપાસ સુધી જાય છે, તેને બોક્સ કન્ડયુટમાં ફેરવવા માટે ૫૫.૮૦ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. આ નહેર શહેરની વચ્ચે હોવાને કારણે ગંદકી અને અકસ્માતોની સ્થિતિ સર્જાતી હોય જેના નિવારણ માટે આ પગલાં લેવામાં આવ્યા છે.



મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા સતત મોરબી જીલ્લાના વિકાસ અને સ્થાનિક લોકોને લાભ મળે તે માટે વિધાનસભા અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરતા રહે છે. વર્ષ ૨૦૨૩થી તેઓ રાજ્ય સરકાર અને શહેરી વિકાસ વિભાગ સમક્ષ મચ્છુ-૨ સિંચાઈ યોજનાની મુખ્ય નહેર, જે લીલાપર ચોકડીથી રવાપર ચોકડી થઈને કંડલા બાયપાસ સુધી જાય છે, તેને ખુલ્લી નહેરની જગ્યાએ બોક્સ કન્ડયુટમાં ફેરવવા અંગે રજૂઆતો કરી રહ્યા હતા. આ કેનાલ શહેરના મધ્ય ભાગમાં હોવાથી ચોમાસામાં તેમાં કચરો ભરાઈ જતા પરિસ્થિતિ વણસતી હતી, તેમજ ખુલ્લી નહેર હોવાને કારણે અકસ્માતો થવા લાગ્યા હતા. આ સમસ્યાને લઈ ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ પણ રજૂઆત કરી હતી.

રાજ્ય સરકારે હવે મોરબી મહાનગરપાલિકાના વિકાસ માટે ૮૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે, જેમાંથી ૫૫.૮૦ કરોડ ખાસ મચ્છુ-૨ સિંચાઈ નહેરને બોક્સમાં ફેરવવા માટે ફાળવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મોરબી શહેરના ટ્રાફિક અને સ્વચ્છતાની સમસ્યામાં મોટા ફેરફાર આવશે.

# ૯થી ૧૧ ફેબ્રુઆરી અંબાજીમાં યોજાશે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારત સહિત સમગ્ર વિશ્વમાં અત્યારે સનાતન ધર્મ વિશે લોકોમાં જિજ્ઞાસા સતત વધી રહી છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે ૧૪૪ વર્ષમાં એક વાર યોજાતો મહાકુંભ ચાલી રહ્યો છે. સમગ્ર દેશમાંથી કરોડો શ્રદ્ધાળુઓ તેમજ અન્ય દેશોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભ પહોંચી રહ્યા છે અને પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરી રહ્યા છે.

પ્રયાગરાજ મહાકુંભ વચ્ચે હવે ગુજરાતમાં પણ એક મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે. આ મહાકુંભમાં શ્રદ્ધાળુઓ આસ્થાની ડુબકી લગાવવા માટે જ નહીં, પરંતુ એક જ જન્મમાં, એક જ સ્થળે એકસાથે ૫૧ શક્તિપીઠોની પરિક્રમા કરવા માટે આવશે. માઈભક્તોનો આ મહાકુંભ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં સ્થિત અંબાજી શક્તિપીઠ ખાતે યોજાશે, જે ૫૧ શક્તિપીઠોમાંનું એક છે.

ભારતભરમાં યાત્રાધામ તરીકે પ્રસિદ્ધ ગુજરાતના આરાસુરી અંબાજી માતા મંદિર ખાતે ત્રણ દિવસીય ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ૯ ફેબ્રુઆરીથી શુભારંભ થશે. ૧૧ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ત્રણ દિવસીય મહોત્સવમાં લાખો માઈભક્તો ઉમટશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલા આ પરિક્રમા ઉત્સવની પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુપેરે આગળ વધારી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે પણ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (GPYVB) તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવની તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

માતા પાર્વતીની ૫૧ શક્તિપીઠોમાંની એક અંબાજી શક્તિપીઠ ખાતે આવતા શ્રદ્ધાળુઓ અંબાજી સહિત તમામ શક્તિપીઠોના દર્શન કરી શકે; તે માટે વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અંબાજી ખાતે મા પાર્વતીની તમામ શક્તિપીઠોની પ્રતિકૃતિની સ્થાપના કરવાની પરિકલ્પના કરી હતી. તેમણે જ આ ૫૧ શક્તિપીઠોનું ભૂમિપૂજન કર્યુ હતું, જેનું કાર્ય વર્ષ ૨૦૧૪માં પૂર્ણ થયું હતું. વર્ષ ૨૦૨૨થી રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રએ સાથે મળીને રાજ્યકક્ષાના પરિક્રમા મહોત્સવની ઉજવણીની શરૂઆત કરી હતી.


## ૧૫ લાખ શ્રદ્ધાળુ માટે ભોજન સહિતની સુવિધા નિઃશુલ્ક ઉભી કરાશે

૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં દર વર્ષે માઈભક્તોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. ગત વર્ષે આ મહોત્સવમાં આશરે ૧૩ લાખ ૧૫ હજાર શ્રદ્ધાળુઓએ ૫૧ શક્તિપીઠોની પરિક્રમા કરી હતી, ત્યારે આ વર્ષે આ સંખ્યા ૧૫ લાખને વટાવવાની શક્યતા છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશભાઈ મેરજાએ જણાવ્યું કે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ મહોત્સવ દર વર્ષે મહા સુદ ૧૨થી મહા સુદ ૧૪ દરમિયાન યોજવામાં આવે છે અને તિથિ પ્રમાણે આ વર્ષે આ મહોત્સવ ૯થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. GPYVB તથા બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં આવનાર શ્રદ્ધાળુઓ માટે નિઃશુલ્ક ભોજન સહિત તમામ પ્રકારની સગવડો કરવામાં આવી છે. આ મહોત્સવનો મૂળમંત્ર છે એક જ જન્મમાં, એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શન કરવાનો સુલભ્ય અવસર.

આ વર્ષે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવના પ્રથમ દિવસે એટલે કે ૯ ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, ઘંટી યાત્રા તથા ધજા યાત્રા નીકળશે. આ ઉપરાંત, વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો/ધર્મગુરૂઓના આશીર્વચન, શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યજ્ઞ, ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, આનંદના ગરબા, વિવિધ મંડળો દ્વારા પરિક્રમા યાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ફોરેસ્ટ, પોલીસ, આરોગ્ય વગેરે વિભાગો દ્વારા યાત્રા જેવા કાર્યક્રમો યોજાશે.

બીજા દિવસે એટલે કે ૧૦ ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, પાદુકા યાત્રા અને ચામર યાત્રા નીકળશે. આ દરમિયાન વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો/



ધર્મગુરુઓના આશીર્વચન, આનંદના ગરબાની અખંડ ધૂન, શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યજ્ઞ, ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો તેમજ વિવિધ સમાજો દ્વારા પરિક્રમા યાત્રા, રાત્રિ પરિક્રમા દર્શન સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

૧૧ ફેબ્રુઆરીએ પાલખી યાત્રા, મશાલ યાત્રા, જ્યોત યાત્રા તથા ત્રિશૂળ યાત્રા યોજાશે. ત્રીજા દિવસે પણ વિવિધ ધાર્મિક સંસ્થાઓના આગેવાનો/ધર્મગુરુઓના આશીર્વચન, શક્તિપીઠના સંકુલોમાં શક્તિ યજ્ઞ, મંત્રોત્સવ, ડ્રોન દ્વારા પુષ્પવૃષ્ટિ, ભજન મંડળીઓ દ્વારા ભજન સત્સંગ, વિવિધ મંડળો દ્વારા પરિક્રમા યાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ગબ્બરના શિખર પર રાત્રે ૧૨ કલાકે આરતી જેવા કાર્યક્રમો યોજાશે.

૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં આવનારા આશરે ૧૫ લાખ શ્રદ્ધાળુઓ માટે GPYVB તેમજ જિલ્લા વહીવટી તંત્રએ મોટાપાયે તૈયારીઓ કરી છે. મહોત્સવ દરમિયાન અંબાજી મંદિરમાં આરતી-દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે, તે મુજબ સવારની આરતી ૭.૩૦થી ૮.૦૦ કલાકે, દર્શન ૦૯.૩૦થી ૧૧.૩૦ કલાકે થશે. ૧૧.૩૦થી ૧૨.૩૦ કલાકે દર્શન બંધ રહેશે. ૧૨.૩૦થી ૧૬.૩૦ કલાકે દર્શન ચાલુ રહેશે. ૧૬.૩૦થી ૧૯.૦૦ કલાકે દર્શન બંધ રહેશે. સંધ્યા આરતી ૧૯.૦૦થી ૧૯.૩૦ કલાકે યોજાશે. સંધ્યા દર્શન ૧૯.૦૦થી ૨૧.૦૦ કલાક દરમિયાન થઈ શકશે.

ત્રણ દિવસીય મહોત્સવ દરમિયાન ૯થી ૧૧ ફેબ્રુઆરીએ સાંજે ૭.૦૦થી રાત્રે ૧૦.૦૦ કલાક દરમિયાન અંબાજીમાં ખેડબ્રહ્મા રોડ પર રબારી સમાજ ધર્મશાળા સામે ડી. કે. ત્રિવેદી બંગલોઝની સામે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે તથા ત્રણેય દિવસ સંધ્યા આરતી સાથે સાંજે ૭.૦૦થી ૭.૪૫ કલાક દરમિયાન ગબ્બર ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો યોજાશે.

આ સાથે જ; મહોત્સવમાં આવનાર શ્રદ્ધાળુઓ માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૭ જગ્યાએ નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં અંબિકા ભોજનાલય-અંબાજી, જીએમડીસી ગ્રાઉન્ડ-અંબાજી, માંગલ્ય વન જવાના માર્ગે (શાંતિ વન), નવી કોલેજ, દાંતા રોડ તથા આરટીઓ ચેકપોસ્ટ-આબુ હાઈવે ખાતે યાત્રાળુઓ માટે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. ગબ્બર રોડ-વન ચેતના કેન્દ્ર ખાતે અધિકારીઓ અને સ્ટાફ માટે તથા ગબ્બર ચુંદડીવાળા માતાજી ખાતે પોલીસ સ્ટાફ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા રહેશે.

બહોળી સંખ્યામાં ઉમટી પડનાર શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગની પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તેમાં એસટી બસો દ્વારા આવનાર યાત્રાળુઓ માટે આરટીઓ સર્કલ રોડ, નવી કોલેજ સામે સિવિલ હોસ્પિટલ વિસ્તાર, જીએમડીસી ગ્રાઉન્ડ તથા શાંતિ વન ખાતે નિઃશુલ્ક હંગામી પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. ખાનગી વાહનો માટે સર્વે નંબર ૯૦, જૂની કોલેજ રોડ (હડાદ રોડ), દિવાળીબા ગુરુ ભવન, શક્તિ દ્વારની સામે, કૈલાશ ટેકરીની સામે, આપેશ્વર મહાદેવ મંદિરની સામે તથા સવિતા ગોવિંદ સદનની બાજુમાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત પાર્કિંગ પ્લોટ પર ઉતરનાર તમામ શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગ સ્થળથી નિઃશુલ્ક મિની બસની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં બેસીને તેઓ પરિક્રમા મહોત્સવમાં પહોંચી શકશે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA**, Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat)**, Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# શહેરમાં મુસાફરોના ખિસ્સામાંથી પૈસા પડાવનાર રિક્ષા ગેંગ ઝડપાઈ

## મહિના પહેલાં જ પાસામાંથી છૂટી બહાર આવેલા રીઢા તસ્કરે ફરી લખણ ઝળકાવ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

જામટાવર ચોક પાસે રેલ્વે હોસ્પિટલના ગેટ પાસેથી શાકભાજીના ધંધાર્થી પાસેથી ચાલુ રિક્ષાએ રોકડ ઝુંટવી લેનાર રીઢા તસ્કર ધનજી સહિત બે શખ્સોને પ્ર. નગર પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી રીક્ષા સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.વધુ વિગતો મુજબ,રૂખડીયાપરામાં રહેતાં જીતેશભાઈ રાયસંગભાઈ દેલવાણીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ શાકભાજી વેચી પરીવાનુ ગુજરાન ચલાવે છે. તેઓ ઘરેથી નીકળી ગ્રેનલેન્ડ ચોકડી છોટાહાથી ગાડી રીપેરીંગમા પડેલ હોય અને રીપેરીંગના પૈસા તેને આપવાના હોય જેથી રૂ.૪ હજાર લઈ ગેરેજે ગાડી લેવા જવા માટે કોઠી કંપાઉન્ડ રેલવે સ્ટેશનથી એક રીક્ષામા બેઠા હતા અને રીક્ષામા એક જાડા સરખો ભાઈ રીક્ષામા બેસેલ હતો. તેની બાજુમા તેઓ બેસેલ અને એક ૩૫ વર્ષીય રિક્ષા ડ્રાઈવર રિક્ષા ચલાવાતો હતો.દરમિયાન રેલવે સ્ટેશનથી રિક્ષા આગળ પહોંથી ત્યારે રોકડ ૪ હજાર આચકી કાઢી લીધેલ અને રિક્ષામાંથી ઉતારી દીધા હતાં. તેઓ રિક્ષા લઈ ખટારા સ્ટેન્ડ તરફ જતા રહેલ હતાં. બાદમાં તેઓએ ફરીયાદ નોંધાવી હતી.આ ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ પી.આર. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આઈ.એ. બેલીમ, એએસઆઈ ડી.વી. ખાંભલા અને ટીમે ગુનો ડિટેકટ કરવાં તપાસમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ ચાપરાજ ખવડ અને તોફિક મંધરાને મળેલ બાતમીના આધારે ધનજી ઉર્ફે ધનો દેવજી ગેડાણી (ઉ.વ.૪૨), ( રહે, પોપટપરા શેરી નં.૦૪/૧૦ નો ખુણો રામાપીર વાળી શેરી) અને સચીન ઢોડીરામ આમકર (ઉ.વ.૩૪), ( રહે, પોપટપરા રઘુનંદન સો.સા. ૩/૪ નો ખુણો)ને રિક્ષા તેમજ પેસેન્જર પાસેથી આંચકી લીધેલ રોકડ રકમ સાથે પકડી કાર્યવાહી કરી હતી. પોલીસમાંથી જાણવા મળ્યું કે કે, આરોપી ધનજી ઉર્ફે ધનો રીઢો ચોર છે અને તેના વિરૂદ્ધ રાજકોટ, અમદાવાદ સહિતના શહેરના પોલીસ મથકમાં ૧૬ ગુના નોંધાયેલ છે અને બે વખત પાસામાં જેલની હવા ખાઈ આવેલ છે. તેમજ આરોપી ધનજી પોતાનો ઓટો રીક્ષામાં ડ્રાઈવર રાખી તે પાછળ બેસતો અને મુસાફર રીક્ષામાં બેઠાં હોય ત્યારે ચિલઝડપને અંજામ આપતો હતો. ઉલ્લેખનીય છે કે, આરોપી ધનજી મહિના પહેલાં જ પાસામાંથી છૂટી જેલ બહાર આવ્યો હતો અને ફરીવાર ચોરીને અંજામ આપ્યો હતો.



# નહેરૂનગરમાં મિત્રના ડખ્ખામાં યુવાન પર જીવણ હુમલો

## સોમનાથ સોસાયટીમાં દારૂના નશામાં યુવાનને મિત્રોએ માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં કોઠારીયા વિસ્તારમાં આવેલા સ્વાતિ પાર્કમાં રહેતો યુવાન બાલાજી હોલ પાસે હતો. ત્યારે મિત્રના ઝઘડાનો ખાર રાખી પાંચ શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા વિસ્તારમાં આવેલા સ્વાતિ પાર્કમાં રહેતો યસ રાજેશભાઈ વરમોરા નામનો ૨૨ વર્ષનો યુવાન રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં નેહરુનગર બાલાજી હોલ પાસે હતો ત્યારે શાહરૂખ સંધિ, કરણ બોરીચા અને જમાલ નામના શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં અગાઉ મિત્ર વિપુલને હુમલાખોર શખ્સો સાથે ઝઘડો થયો હતો જેનો ખાર રાખી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

જયારે બીજા બનાવમાં જંગલેશ્વર મેઇન રોડ ઉપર આવેલ રાધા કૃષ્ણ સોસાયટીમાં રહેતો રવિ અનુભાઈ બાબરીયા નામનો ૨૫ વર્ષનો યુવાન રાત્રિના કોઠારીયા રોડ ઉપર આવેલી સોમનાથ સોસાયટીમાં હતો ત્યારે તેના મિત્રો પંકજ પરમાર અને રાજ પરમાર સહિતનાએ દારૂના નશામાં ધોકા વડે માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.



# ઓનલાઈન ગેમમાં રાજકોટનો યુવાન હારી જતા વેપારીને ૩.૯૦ લાખનો ધુંબો માર્યાની ફરિયાદ

## પુત્રનું દેણું ચૂકવવા દુકાને ગયેલા પિતાને વેપારીએ જાતિ પ્રત્યે અપમાનિત કર્યાની વળતી ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રૈયાધાર વિસ્તારમાં રહેતા નરેશ બાબુભાઈ જાદવ નામનો યુવાન ઓનલાઈન ગેમિંગના રવાડે ચડી ગયો હતો અને તે જુગારમાં પૈસા હારી જતા તેમણે પૈસા ચૂકવવા માટે ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને મની ટ્રાન્સફરનું કામ કરતા વેપારી સંદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા પાસેથી રૂ.૯૦ હજાર ઉછીના લીધા હતા અને સગા-સંબંધીઓના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવી લઈ રૂ. ૩.૯૦ લાખની છેતરપીંડી આચર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવમાં વેપારીએ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યાની વળતી ફરિયાદ દાખલ થતા પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે.

આ ઘટનામાં ધરમનગર ક્વાર્ટરમાં રહેતા સંદિપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ યુનિ. પોલીસમાં રૈયાધાર મેઈન રોડ સ્લમ કવાર્ટરમાં રહેતા નરેશ બાબુભાઈ જાદવ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પાંચેક માસ પૂર્વે ઉપરોક્ત શખ્સ મારી પાસે પૈસા ટ્રાન્સફર કરાવવા આવ્યો હતો. બાદ અવાર નવાર આવતો હતો.જે થી હું પરિચિત હતો. ગત.તા.૨૯/૯/૨૪ના દુકાને આવી મારી પાસે ૨૦૦૦ ટ્રાનસફર કરાવ્યા હતા. જેના પૈસા બાદમાં આપી દેશે તેમ કહ્યું હતું. અને બાદમાં શખસ પાસેથી ટ્રાન્સફર કરેલા પૈસાની ઉઘરાણી કરતા તેણે કહ્યું કે જો મે કહેલ પૈસા ટ્રાન્સફર નહીં કરો તો હું બાકીના પૈસા નહીં આપુ કહી કટકે-કટકે તેના સગા-સંબંધીઓના ખાતામાં રૂ.૩.૯૦ લાખ ટ્રાન્સફર કરાવેલ હતા. આમ શખસે પૈસા ટ્રાન્સફર કરાવી લઈ પરત ન આપી છેતરપીંડી આચર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. જ્યારે વળતી ફરિયાદમાં નરેશના પિતા બાબુભાઈ રામજીભાઈ જાદવ (ઉ.૪૬) એ વેપારી સંદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા સામે એટ્રોસિટી એકટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામાં બાબુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ તેમના મોટા દીકરા નરેશનું સ્કૂટર ઘરે જોવા ન મળતા તેમને સ્કૂટર અંગે પૂછપરછ કરી હતી. ત્યારે પુત્ર પાસેથી જાણવા મળ્યું કે, પુત્ર નરેશ મોબાઇલમાં આવતી ઓનલાઈન ગેમમાં પૈસા હારી જતા પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. જેથી તેમણે પત્ની પાયલ પાસેથી સોનાના બે ચેઇન અને સોનાનું પેન્ડલ તેમજ સોનાના દાગીના અને પોતાનું સ્કૂટર બધું દેવજીવન હોટલ પાસે આવેલી મામાની મોજ નામની દુકાન ધરાવતા સંદીપસિંહને ત્યાં ગૌરવે મૂકી રૂ.૯૦ હજાર લીધા હતા. ત્યારબાદ બાબુભાઈ સંદીપસિંહની દુકાને પહોંચ્યા હતા અને ત્યાં રૂ.૯૦ હજાર ઉપરાંત પણ પૈસા ચૂકવવાના બાકી હોવાનું સંદીપસિંહે જણાવ્યું હતું. ત્યાં બાબુભાઈએ કહ્યું કે અમારી ઉપર રહેમ રાખજો અમે પૈસા ચૂકવી આપીશું તેમ કહ્યું હતું. ત્યારબાદ રૂ.૯૦ હજારની વ્યવસ્થા થઈ જતા તા.૨૮/૧ના રોજ સાંજના બનેવી મનસુખભાઈ, દીકરો નરેશ સહિત ત્રણેય ત્યાં રૂ.૯૦ હજાર આપવા પહોંચ્યા હતા અને જેથી સંદીપસિંહે રૂ.૯૦ હજાર નહીં પરંતુ તમારે રૂ.૨.૮૨ લાખ લેવાના નીકળે છે અને મારે કટકે કટકે નહીં પુરેપુરા પૈસા જોઈએ છે તેમ કહ્યું હતું. તેમજ તેમણે જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી દુકાનમાંથી કાઢી મુક્યા હતા. આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધયો હતો.

# મોરબીના ચકચારી લાંચ લેવાના ગુન્હામાં તલાટી કમ મંત્રીનો જામીન પર છુટકારો

## આ કેસમાં એડવોકેટ દ્વારા ફરીયાદ આપવામાં આવી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બનાવની હકીકત જોવામાં ફરીયાદી પદીપકુમાર ધનજીભાઈ કંજારીયા ધ્વારા મોરબી એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ આપવામાં આવેલ કે તા.૮/૧૧/૨૪ ના રોજ તેઓના અરજદાર અજય મનજીભાઈ જાદવ તેમની મિલ્કતના કામે ગામનો નમૂના નં. ૨ મેળવવા માટે તલાટી કમ મંત્રી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજા પાસે ગયેલ હોય ત્યારે તેઓને તલાટી મંત્રી જાડેજા એ જણાવેલ કે તમારું ખેડુત ખાતેદારનો પ્રમાણપત્ર મેળવવા વકીલે અરજી કરેલ હતી કે વકીલ પ્રદીપભાઈને મોકલજો જેથી અજયભાઈએ તેઓને ફોન કરી તલાટી મંત્રી જાડેજા બોલાવે છે જેથી તેઓ તે જ દીવસે તલાટી મંત્રીની ઓફીસ ગયેલ અને ત્યાં તલાટી મંત્રી જાડેજા ભાઈએ તેઓને કહેલ કે અજયભાઈ વાળું પતાવ્યું અને પડયુ તું ત્યારે મુકેશભાઈએ એવું કીધું તું કે અજયભાઈ વાળું તું કાઢી નાંખ, જે હોય તે મને કે જે, જે હશે જે પતી જશે. મે ઓકે કરી જવા દીધેલ છે ઓકે થઈ ગયુ તેનું પ્રમાણપત્ર મળી ગયુ મુકેશભાઈ ન આવ્યા અને તમે પણ ન આવ્યા, મુકેશભાઈએ એવું કીધું તું કે પદીપભાઈને કેજો ન જાય તો મને કેજો તેમ વાત કરી આ તલાટી મંત્રી જયદીપસિંહ કિશોરસિંહ જાડેજા એ અજય મનજીભાઈ વાળી ખેડુત ખાતેદારના પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીમાં અભિપ્રાય આપવાના તેની પાસે કેલ્યુલેટરમાં લખી રૂ.૫,૦૦૦/- ની માંગણી કરેલ જેથી મે આ તલાટી મંત્રીને અરજદારને મળી લવુ કાઈક વ્યાજબી કરી દેજો જે વાતનું રેકોર્ડીંગ મે મારા મોબાઈલમાં જે તે વખતે કરી લીધેલ હતું.


ત્યારબાદ તા.૨૭/૧૧/૨૪ ના રોજ તેઓ તેના અસીલના મીલ્કતના ગામ નમૂના નં. ૨ માં નોંધ કરાવવા ગયેલ અને બીજા અસીલનો આંબો મેળવવા તલાટી મંત્રી જાડેજા ને મળતા સદરહું વારસાઈ આંબા તથા ગામ નમૂના નં. ૨ બાબતે વાતચીત કરેલ જેથી તેઓએ અગાઉ અભિપ્રાય પેટે માંગેલ રૂ.૫,૦૦૦/-ની માંગણી કરેલ હતી અને મને કહેલ કે ઓલા લઈ આવવાના હતા તે લઈ આવેલ નથી જેથી મેં તેઓને કહેલ કે મારે અરજદાર પાસેથી લેવાના છે અજયભાઈ આજે આવવાના છે છેલ્લા વધઘટ થાય તો કાંઈ કેજો જેથી તલાટી કમ મંત્રી જાડેજા એ કહેલ કે છેલ્લા ૪,૦૦૦/- આપજો તેમ કહેતા હું કચેરી માંથી નીકળી ગયેલ અને આ વાતનું રેકોર્ડીંગ પણ કરી લીધેલ હતું.

ત્યારબાદ ફરીયાદ અન્વયે એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા પ્રાથમીક પંચનામું અને પાથમીક ફરીયાદ નોંધી ટ્રેપ ગોઠવવામાં આવેલ અને નકકી થયા મુજબ ટ્રેપ ગોઠવેલ અને ત્યારબાદ બધા ટ્રેપીંગ અધિકારી તેમજ પંચો તેમજ ફરીયાદીબધા ગાડીમાં બેસી લાંચની રકમ આપવા માટે તલાટી કમ મંત્રી જાડેજા ની ઓફીસ જવા રવાના થયેલ અને ત્યારબાદ નકકી થયા મુજબ રૂ.૪,૦૦૦/- આ જયદીપસિંહ કિશોરસિંહ જાડેજાને આપવાનું કહેતા તેઓએ પોતાના હાથના ઈશારાથી ટેબલના ઉપરના ખાનામાં રાખવાનું જણાવેલ જેથી ફરીયાદીએ તે રકમ ટેબલનું ખાનું ખોલી તે રકમ રાખી દીધેલ ત્યારબાદ ફરીયાદીએ ઈશારો કરતા ટ્રેપીંગ ઓફીસર તથા અન્ય અધિકારીઓ આવી લાંચની રકમ કબ્જે કરી હતી તે મુજબની ફરીયાદ નોંધાવેલી હતી.

ગુન્હા અનુસંધાને મોરબી એ.સી.બી. પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી જયદીપસિંહ કીશોરસિંહ જાડેજાની અટક કરી જેલ હવાલે કરેલ હતા. ફરીયાદ અનુસંધાને પોલીસ ધ્વારા વિવિધ પંચનામાઓ કરી સાહેદોના નીવેદનો નોંધી મુદામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ચાર્જશીટ બાદ આરોપી જયદીપસિંહ કીશોરસિંહ જાડેજા ધ્વારા મોરબી સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરવામાં આવેલ હતી જે જામીન અરજી એવી રજુઆત કરવામાં આવેલ કે, આરોપીને આ ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ તા.૮/૧૧/૨૪ ના બનાવ અંગેની ફરીયાદ તા.૨૭/૧૧/૨૪ ના રોજ આપવામાં આવેલ છે તેમજ જે પ્રમાણપત્ર મેળવવા અંગે લાંચ માંગવાની ફરીયાદીએ ફરીયાદ કરેલ છે તે પ્રમાણપત્ર અગાઉથી જ કોઈપણ જાતની રકમ લીધા વગર અરજદારને મળી ગયેલ છે જે અરજદાર ધ્વારા અરજી કરવામાં આવેલ તે અજય મનજીભાઈ જાદવનું ચાર્જશીટના કામે કોઈ નીવેદન લેવામાં આવેલ નથી તેમજ લાંચની રકમ તેઓ પાસેથી રીકવરી થયેલ નથી તેમજ તેઓ ધ્વારા કોઈપણ જાતની રકમની માંગણી કરેલ ન હોવા છતા તેઓને ખોટી રીતે ખોટા કેસમાં ફીટ કરી દેવામાં આવેલ છે, તમામ તપાસ પુર્ણ થઈ ગયેલ છે તેમજ રીકવરી ડીસ્કવરી પુર્ણ થઈ ગયેલ છે હાલ તપાસના કામે આરોપીની કોઈ જરૂરીયાત રહેતી નથી તેવા સંજોગોમાં આરોપીને જામીન મુકત કરવા જોઈએ તેવી દલીલો કરવામાં આવેલ.

બચાવપક્ષની દલીલો અને પોલીસ તપાસના કાગળો તેમજ ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ મોરબી સેશન્સ અદાલત ધ્વારા જયદીપસિંહ કીશોરસિંહ જાડેજાને શરતી જામીન ઉપર મુકત કરવા હુકમ ફરમાવેલ હતો. આ કામમાં મોરબીના જીતુભા જાડેજા તથા રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલા હતા.





# રતનપર પાસે અજાણ્યા વાહનની ઠોકરે ઘવાયેલા રાહદારી પ્રૌઢે દમ તોડયો

## અજાણ્યા વાહનચાલકે રાહદારી અને બાઈકચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો તો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં મોરબી રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે બાઈક અને રાહદારી પ્રૌઢને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા યુવાન અને પ્રૌઢને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે વિગત મુજબ મોરબી રોડ ઉપર આવેલા રતનપર ગામે રહેતા યશ દિનેશભાઈ માલકીયા નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાનું બાઈક લઈને જઈ રહ્યો હતો જ્યારે રતનપર ગામના પાટીયા પાસે દિલીપભાઈ જીવરાજભાઈ ચાવડા ચાલીને પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા રાહદારી દિલીપભાઈ વાહન ચાલાકે ત્યસ માલકીયાના બાઈકને અને રાહદારી દિલીપભાઈ ચાવડાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા બને લોકોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં ગંભીર રીતે ઘવાયેલા ચાવડાનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં દિલીપભાઈ ચાવડા ગઈકાલે બુટ ચપ્પલની કેબીન ચાલુ કરવાના હતા તે પૂર્વે જ રસ્તો ઓળંગતી વખતે કાળ બનીને ત્રાટકેલા અજાણ્યા વાહન ચાલકે જીવલેણ અકસ્માત સર્જતા મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.



# એટ્રોસિટી સહિતના ગુનામાં ફરાર બજરંગવાડીનો કુખ્યાત મોહસીન જુણેજા ઝડપાયો

## સ્લમ ક્વાર્ટરમાં પણ મકાન ઉપર સોડા બોટલના ઘા કર્યાતા; ભેજાબાજે એટ્રોસીટીના ગુનામાં રજૂ કરેલા ડમી શખ્સે વટાણા વેરી નાખ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં એટ્રોસિટી સહિતના ગુનામાં ફરાર ભોમશ્વર પ્લોટનો કુખ્યાત મોહસીન જુણેજાને પ્ર. નગર પોલીસની ટીમે હોસ્પિટલ ચોકમાંથી દબોચી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ભેજાબાજે એટ્રોસીટીના ગુનામાં બચવા રજૂ કરેલા ડમી શખ્સે પોલીસ સમક્ષ વટાણા વેરી નાખતા ભાંડો ફૂટ્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા પોલીસ સ્ટેશન ગુનામા પકડવાના બાકી નાસતા ફરતા શખ્સોને પકડી પાડવાની આપેલ સુચનાથી પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના પીઆઈ પી.આર.ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ગુનાહીત ઇતિહાસ ધરાવતો શખ્સ ઘણા સમયથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય. જે કોન્સ્ટેબલ તોફીક મંધરા, રીયાઝ ભીપોત્રા અને વનરાજ બોરીચાને એ.ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુનામા નાસતો ફરતો તેમજ પ્રધુમનનગર પોલીસ સ્ટેશનના ગુનામા કોર્ટથી આગોતરા જામીન મેળવી પોલીસ મથકે હાજર નહી રહેતો આરોપી સીવીલ હોસ્પીટલની ચોકની બાજુમા ઉભેલ છે તેવી ચોક્કસ બાતમીના આધારે મોહસીન મુનાફ જુણેજા (રહે. ભોમેશ્વર પ્લોટ જામનગર રોડ)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપી વિરુદ્ધ વર્ષે ૨૦૨૪માં મારામારી અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો બાદ તે ફરાર થઇ ગયો હતો અને અગાઉ પ્ર. નગર પોલીસ મથકમાં પણ તેના વિરૂદ્ધ ગુનો નોંધાયા બાદ તેને આગોતરા જમીન મેળવી પોલીસ મથકે હાજર થયો ન હતો. આ ઉપરાંત જામનગર રોડ ઉપર હુડકો સલમ કવાર્ટરમાં રહેતા આસિફભાઈ કૈડાના ઘર ઉપર પણ સોડા બોટલના ઘા કર્યાના કેસમાં પણ સંડોવાયો હતો.

ઝડપાયેલા મોહસીન જુણેજાએ એટ્રોસિટીના ગુનામાં બચવા માટે રૂપેશ પુરબીયા નામના દલિત યુવાનને પોલીસ સમક્ષ રજુ કર્યો હતો. પરંતુ પોલીસે કડક ભાષામાં પૂછપરછ કરતા રૂપેશ પુરબીયાએ પોતે એક પણ ગુનામાં નહિ હોવાનું અને મોહસીન જુણેજાના કહેવાથી પોલીસ સમક્ષ રજુ થયો હોવાનું જણાવ્યું હતું. કુખ્યાત શખ્સને જાણે કોઈનો ડર ન હોય તેમ પોલીસ સમક્ષ પણ ડમી ઉમેદવાર ઉભો કર્યો હતો. શું પોલીસ ડમી શખ્સને હાજર કરનાર નામચીન મોહસીન જુણેજા વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે કે કેમ? તેવી ચર્ચાએ જોર પકડયું છે.



# ટૂંકસમયમાં રાજકોટથી વિદેશની ફ્લાઈટ થશે ટેકઓફ

## રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ-ઈમિગ્રેશનને મંજૂરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એરપોર્ટ ઉપર ઈન્ટરનેશનલ ફ્લાઈટની ઉડાન માટે મહત્ત્વપૂર્ણ કસ્ટમ અને ઈમિગ્રેશનની મંજૂરીની રાહ જોવાઈ રહી હતી જે આખરે મળી જતાં એપ્રિલ-મે મહિનાથી રાજકોટથી વિદેશ પ્રવાસ માટે પેસેન્જર જઈ શકશે. આવતીકાલે હિરાસર એરપોર્ટના નવા અદ્યતન અને સુવિધાઓથી સજ્જ ૩૨૬ કરોડના ખર્ચે બનાવાયેલું નવા ટર્મિનલનું દીપ પ્રાગટ્ય સાથે ઉદઘાટન થાય તે પૂર્વે એરપોર્ટ અત્યંત મહત્ત્વના ગણાતાં એવા કસ્ટમ અને ઈમિગ્રેશન વિભાગને મંજૂરીની મ્હોર કેન્દ્ર સરકાર દ્વારા તાબડતોબ લગાવાતાં ઓથોરિટીએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

કોઈ પણ ઈન્ટરનેશનલ એરપોર્ટ હોય ત્યાં વિદેશની ફ્લાઈટ શરૂ કરવા માટે કસ્ટમ અને ઈમિગ્રેશન વિભાગની મંજૂરી અત્યંત આવશ્યક છે કેમ કે રાજકોટથી વિદેશ સુધી કોઈ વસ્તુ કે કિંમતી ઝવેરાત મોકલવાની હોય તો તેના માટે કસ્ટમ વિભાગની મંજૂરી જરૂરી બની જાય છે. આ જ રીતે વિદેશથી કોઈ વસ્તુ રાજકોટ એરપોર્ટ ઉપર આવે એટલે તેના ચેકિંગ સહિતની કાર્યવાહી કસ્ટમ વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. આ જ રીતે ઈમિગ્રેશન વિભાગ કે જે પાસપોર્ટ અને વિઝા સંબંધિત કાર્યવાહી કરે છે તેની મંજૂરી પણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે આવશ્યક બની જાય છે.

રાજકોટમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ નિર્માણ પામ્યા બાદ આ બન્ને વિભાગની મંજૂરી કેન્દ્ર સરકાર તરફથી મળી જાય તે માટે ઓથોરિટી દ્વારા અનેક પ્રયાસ કર્યા હતા અને આખરે નવચંડી યજ્ઞ બાદ મા જગદંબાના આશીર્વાદ સાથે સરકારે નવા ટર્મિનલના ઉદઘાટનના ગણતરીના કલાકો પહેલાં જ કસ્ટમની એક અલગ જ વિંગને જ બનાવવા માટેનો નિર્ણય લેતાં હવેથી રાજકોટ એરપોર્ટ કસ્ટમ નોટિફાઈડ એરપોર્ટ તરીકે ઓળખાશે.

કસ્ટમના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે સેક્શન-૭માં સમાવિષ્ટ કર્યા બાદ હવે સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ (સીબીઆઈસી) દ્વારા રાજકોટમાં નવું જ કસ્ટમ યુનિટ, નવા સ્ટાફ સાથે તૈનાત થશે. સેક્શન-૭માંથી સેક્શન-૮માં લેવામાં આવતાં સત્તાવાર રીતે હવે કસ્ટમ માન્ય એરપોર્ટ તરીકે ઓળખાશે.

એરપોર્ટ ડાયરેક્ટરે જણાવ્યું હતું કે રાજકોટ એરપોર્ટ પરથી હવે વિદેશી પેસેન્જર ફ્લાઈટની સાથે કાર્ગો ફ્લાઈટ પણ ઉડાન ભરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નવું એરપોર્ટ ખુલ્લું મુકાયા બાદ હવે અદ્યતન સુવિધા સાથે આવતીકાલે નવું ટર્મિનલ ખુલ્લું મુકાશે. આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ જેની શરૂઆત કાર્ગો ફ્લાઈટ સાથે થઈ શકે છે જે બાબતે એરપોર્ટ ડાયરેક્ટરે જણાવ્યું કે સેન્ટ્રલ કસ્ટમ વિભાગ દ્વારા ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ થતાં ગુડસ લોડિંગ અને અનલોડિંગ માટે મંજૂરી આપવામાં આવી છે જેના કારણે રાજકોટથી આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય કાર્ગો ફ્લાઈટ ઓપરેટ કરવાનો માર્ગ ખુલ્યો છે.

રાજકોટના ઉદ્યોગપતિઓએ કસ્ટમ ડિપાર્ટમેન્ટના આ નિર્ણયને આવકાર્યો છે તો સાથે સાથે ફ્લાઈટ કનેક્ટિવિટી વધારવા માટે પણ સરકાર પાસે આશા રાખી છે. વિવિધ વેપારી પ્રતિનિધિમંડળના સભ્યોએ વાત કરતાં કહ્યું હતું કે હાલમાં રાજકોટમાંથી મુંબઈ-દિલ્હી-ગોવા-બેંગ્લોરની ફ્લાઈટ ઉડાન ભરે છે જ્યારે ઈન્ડસ્ટ્રીઝને સેમ્પલ મોકલવાના હોય છે તો ટ્રાન્સપોર્ટેશનના માધ્યમથી મોકલવા પડે છે કારણ કે રાજકોટને ફ્લાઈટ ફ્રિકવન્સી મળી ન હોવાથી બસ અથવા ટ્રક મારફતે પાર્ટસ સહિતની વસ્તુ મોકલવી પડે છે. જ્યારે ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ તો થઈ જશે પરંતુ જ્યાં સુધી અન્ય દેશ સાથે વધુ ફ્લાઈટની સુવિધા નહીં મળે તો ઈમ્પોર્ટ-એક્સપોર્ટ માટે ઉદ્યોગકારોને એટલો ફાયદો પણ નહીં મળે.



# એકટીવાને ઠોકર મારી કાર ચાલક ’લાજવા ને બદલે ગાજ્યો’ યુવકને પાઈપથી ફટકાર્યો

## ખોખડદડ પુલ પાસેનો બનાવ; એક્ટીવા ચાલક મહિલાને ગાળો ભાંડી મદદે આવેલા ભાણેજને મારમારતાં આજીડેમ પોલીસે નોંધ્યો ગુનો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ખોખડદડ નદીના પુલ નજીક એકટીવામાં પુત્ર-પુત્રીને લઈ જઈ રહેલી મહિલાને અડફેટે લીધા બાદ સ્વીફ્ટ કારના ચાલકે ગાળો ભાંડી હતી અને મદદે આવેલા મહિલાના ભાણેજને કાર ચાલકે માથાંમાં પાઈપ ફટકારી ગંભીર ઈજાઓ પહોંચાડતા આ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધ્યો છે.

બનાવની હક્કીત મુજબ, રામવન નજીક આવેલા રામપાર્ક શેરી નં.૨માં રહેતા ફરિયાદી જિજ્ઞાસાબેન જીતુભાઈ પટોડીયાએ આજીડેમ પોલીસે મથકમાં સ્વીફ્ટ કાર નંબર જી જે ૦૩ ૯૪૬૯ ના ચાલાક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગુરુવારે રાત્રીના ૯:૩૦ વાગ્યા આસપાસ પોતે પુત્ર-પુત્રી સાથે ઘરે પરત ફરતા હોય તે દરમિયાન ખોખડદડ નદીના પુલ પાસે સર્વિસ રોડ પર પહોંચતા સામેથી આવેલી એક સ્વીફ્ટ કારના ચાલકે તેમના એકટીવાને ઠોકરે લેતા ત્રણેય ફંગોળાઈ ગયા હતા.આ ઘટનામાં જિજ્ઞાસાબેન સહિત ત્રણેયને નાની-મોટી ઈજા પહોંચી હતી. દરમિયાન કાર ચાલક લાજવાને બદલે ગાજી મહિલા સાથે ઝઘડો કરી તેઓને ગાળો ભાંડવા લાગ્યો હોય જેથી ડરીને મહિલાએ તેના ભાણેજ કુષને ફોન કરીને બોલાવ્યો હોય ત્યારે મદદે આવેલા યુવક હજુ કાંઈ સમજે તે પહેલા જ કાર ચાલકે પોતાની કારમાંથી લોખંડનો પાઈપ લઈ યુવકને માથામાં ફાટકરતા તે બેભાન થઈ ઢળી પડયો હતો. મારામારીની ઘટના બનતા લોકોના ટોણાં એકઠા થઈ જતા કાર ચાલક ત્યાંથી નાશી છૂટયો હતો.

ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડી બનાવ અંગે જિજ્ઞાસાબેને આજીડેમ પોલીસ મથકમાં સ્વીફ્ટ કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને પકડાવા ચક્રો ગતિમાન કર્યા છે.